# <u>નમૂનો- ૧</u>

અગ્રતા ક્રમ -: **૧૮**

વિભાગ :- મહેસૂલ વિભાગ

તારાંકિત પ્રશ્ન : તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૬૪૩

૧૫ મી ગુજરાત વિધાનસભા ચોથું સત્ર

વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની તારીખ : ૦૮.૦૨.૨૦૨૪

પ્રશ્નનું શિર્ષક : પોરબંદર જિલ્લામાં શૈક્ષણિક સંસ્થાઓને ટોકનદરે/ભાડા થી અપાયેલ સરકારી જમીન.

પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ અને તેમનો મત વિસ્તાર : માન ધારાસભ્યશ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા (સોમનાથ)

## અગ્રતા ક્રમ : ૧૮

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/૬૪૩

## પોરબંદર જિલ્લામાં શૈક્ષણિક સંસ્થાઓને ટોકનદરે/ભાડા થી અપાયેલ સરકારી જમીન.

## અનુક્રમણિકા

| | વિગત | મુખ્ય પેજ |
|---|---|---|
| મુખ્ય પ્રશ્ન | પોરબંદર જિલ્લામાં શૈક્ષણિક સંસ્થાઓને ટોકનદરે/ભાડા થી અપાયેલ સરકારી જમીન. | |
| જવાબ | વિભાગે કરેલ જવાબ | |
| | પ્રશ્નનું મુખ્ય હાર્દ | ધારાસભ્યશ્રીનું નામ |
| પેટા પ્રશ્ન-૧ | સ્વામીનારાયણ એજયુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશનને કોના હુકમથી કેટલી જમીન ટોકનદર / ભાડાથી આપવામાં આવેલ? | શ્રી સંજયભાઇ કોરડીયા (જૂનાગઢ) |
| પેટા પ્રશ્ન-૨ | પોરબંદર જિલ્લામાં શૈક્ષણિક સંસ્થા સ્વામીનારાયણ એજયુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશનને ટોકનદર / ભાડાથી આપવામાં આવેલ જમીન ચો.મી. ૪૦,૦૦૦ શરતભંગ થતા જમીનના આકારના ૧૦ પટ દંડ કરવા તથા હુકમ તા.૧૦/૧૧/૨૦૨૦ થી બે વર્ષમાં ઇજનેરી કોલેજ શરૂ કરવા અન્વયે તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ ઇજનેરી કોલેજ શરૂ કરવામાં આવેલ ન હોય, શરતભંગ બદલ અને જમીન પરત લેવા કયારે શા પગલા લીધા ? | શ્રી સંજયભાઇ કોરડીયા (જૂનાગઢ) |
| પેટા પ્રશ્ન-૩ | પંચરોજકામ આધારે શી હકીકત જાહેર થાય છે ? | શ્રી ભગવાનજીભાઇ કરગટીયા (માંગરોળ) |
| પેટા પ્રશ્ન-૪ | તા.૨૯/૦૧/૨૦૨૪ ના પંચરોજકામ બાદ શી કાર્યવાહી કરવામાં આવી ? | શ્રી ભગવાનજીભાઇ કરગટીયા (માંગરોળ) |
| પેટા પ્રશ્ન-૫ | પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ હેઠળ (PPP) રાજ્ય સરકાર દ્વારા ઇજનેરી/પોલિટેકનિક કોલેજોને જમીન ફાળવવાની શી જોગવાઇ છે? | |

## પોરબંદર જિલ્લામાં શૈક્ષણિક સંસ્થાઓને ટોકનદરે.ભાડા થી અપાયેલ સરકારી જમીન/

તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ પ્ર/

### ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ 15/4/643

વિષયઃ

પોરબંદર જિલ્લામાં શૈક્ષણિક સંસ્થાઓને ટોકનદર/ભાડાથી સરકારી જમીન

| સૂચના મળ્યાની તારીખઃ | વિભાગે ઓનલાઇન જવાબ મોકલાવવાની છેલ્લી | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 10/01/2024 | તારીખ 02/02/2024 | 17/01/2024 |

*15/4/643 શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા (સોમનાથ)

મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન જણાવવા કૃપા કરશે કેઃ-

ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં સભાગૃહમાં તા.૨૬/૦૩/૨૦૨૧ના સભાગૃહમાં રજૂ થયેલ સત્તરમી અતારાંકિત યાદીમાં અતારાંકિત પ્રશ્ન ક્રમાંક-૭૫૭૪ના અનુસંધાને માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) પોરબંદર જિલ્લામાં શૈક્ષણિક સંસ્થા સ્વામીનારાયણ એજ્યુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશનને ૪૦,૦૦૦ચો.મી. જમીન ટોકનદર/ભાડાથી આપવામાં આવેલ તે જમીન શરતભંગ થતાં જમીનના આકારના ૧૦ પટ દંડ કરવા તથા હુકમની તારીખથી બે વર્ષમાં ઈજનેરી કોલેજ શરૂ કરવા માટે તા.૧૦/૧૧/૨૦૨૦ના હુકમ કરવામાં આવેલ તે અન્વયે તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ક્યારે ઈજનેરી કોલેજ શરૂ કરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઈજનેરી કોલેજ શરૂ થયેલ ન હોય તો શરતભંગ બદલ અને જમીન પરત લેવા ક્યારે શા પગલાં લીધાં?

----

6 29-1 18-01-24

Urgent 18.1.24

50/G

સં.સ.શ્રી (જમીન)

મુખ્ય પેજ પર જાઓ

# વિભાગે કરેલ જવાબ

Letter No: RD/1936/01/2024 Dt: 02-02-2024

**ચૌદમી ગુજરાત વિધાંસભાના આઠમા સત્રમાં સભાગૃહમાં તા.૨૬/૦૩/૨૦૨૧ના સભાગૃહમાં રજૂ થયેલ સત્તરમી અતારાંકિત પ્રશ્ન ક્રમાંક - ૭૫૭૪ના અનુસંધાને "પોરબંદર જિલ્લામાં શૈક્ષણિક સંસ્થાઓને ટોકનદર/ભાડાથી સરકારી જમીન બાબતે"**
*** ૧૫/૪/૬૪૩ : વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા(સોમનાથ) : માનનીય મુખ્યમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| ૧. | પોરબંદર જિલ્લામાં શૈક્ષણિક સંસ્થા સ્વામીનારાયણ એજ્યુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશનને ૪૦,૦૦૦ ચો.મી. જમીન ટોકનદર/ભાડાથી આપવામાં આવેલ તે જમીન શરતભંગ થતાં જમીનના આકારના ૧૦ પટ દંડ કરવા તથા હુકમની તારીખથી બે વર્ષમાં ઇજનેરી કોલેજ શરૂ કરવા માટે તા.૧૦/૧૧/૨૦૨૦ ના હુકમ કરવામાં આવેલ તે અન્વયે તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ ક્યારે ઇજનેરી કોલેજ શરૂ કરવામાં આવેલ છે | ૧. | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ ઇજનેરી કોલેજ શરૂ કરવામાં આવેલ નથી. |
| ૨. | ઉક્ત સ્થિતિએ ઇજનેરી કોલેજ શરૂ થયેલ ન હોય તો શરતભંગ બદલ અને જમીન પરત લેવા ક્યારે શા પગલાં લીધા? | ૨. | સવાલવાળી જમીનની સ્થળ ખરાઇ કરેલ છે. જેમાં શરતભંગ થતો હોવાથી કલે.શ્રીના તા.૨૫/૦૧/૨૦૨૪ના પત્રથી શરતભંગ અંગેની કાર્યવાહી માટે મામલતદારશ્રી પોરબંદર શહેરને સુચના આપવામાં આવેલ છે. |

---

**ઓનલાઈન જવાબ મોકલવાની છેલ્લી તારીખ:**૦૨/૦૨/૨૦૨૪.

**મહેસૂલ વિભાગ,**
**સચિવાલય, ગાંધીનગર.**

**પ્રતિ,**
સચિવશ્રી,
ગુજરાત વિધાનસભા, સચિવાલય તરફ તારાંકિત પ્રશ્ન ક્રમાંક: *૧૫/૪/૬૪૩ અન્વયે વધારાની ૩(ત્રણ) નકલો સહિત.

**(ડી. આર. ભમ્મર)**
સંયુક્ત સચિવ (જમીન),
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર.

**<u>નકલ રવાના:</u>**
- સેક્શન અધિકારીશ્રી (બ-૧ શાખા), મહેસૂલ વિભાગ - ગાંધીનગર.
- શાખા સિલેક્ટ ફાઇલ.

Signature Not Verified
Signed by: D R Bhammar
Joint Secretary
Date: 2024.02.02
14:12:15 +05:30

File No: RD/OTH/e-file/15/2024/0898/G(Land)
Approved By: Minister,Minister Office-IMD,IMD
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

મુખ્ય પેજ પર જાઓ

**પ્રશ્નનું હાર્દ:**

શિક્ષણ વિભાગના ઠરાવથી નક્કી થયેલ પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપના ધોરણે ચાલતી ઇજનેરી તથા પોલિટેકનિક સંસ્થાઓને જમીન ફાળવવા અંગે મહેસૂલ વિભાગના તા.૧૨/૧૧/૨૦૧૦ના ઠરાવથી પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ (PPP) હેઠળ ઇજનેરી/પોલિટેકનિક કોલેજોને રૂ.૧/- ના ટોકન દરે 30 વર્ષના ભાડાપટે જમીન સરકારશ્રીની મંજૂરીથી ફાળવવામાં આવે છે.

મુખ્ય પેજ પર જાઓ

## અગ્રતા ક્રમ : ૧૮

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૬૪૩

## પોરબંદર જિલ્લામાં શૈક્ષણિક સંસ્થાઓને ટોકનદરે/ભાડા થી અપાયેલ સરકારી જમીન.

માન.ધારાસભ્યશ્રી સંજયભાઇ કોરડીયા જૂનાગઢ))

| | |
|---|---|
| **પ્રશ્ન ૧** | સ્વામીનારાયણ એજયુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશનને કોના હુકમથી કેટલી જમીન ટોકનદર / ભાડાથી આપવામાં આવેલ? |
| **જવાબ** | મહેસૂલ વિભાગના તા.૦૬/૦૧/૨૦૧૫ના હુકમથી ૪૦,૦૦૦ (ચાલીસ હજાર ચોરસ મીટર) જમીન અરજદાર સંસ્થાને રૂ.૧/-ના ટોકન દરે ૩૦ વર્ષના ભાડાપટ્ટે ફાળવવામાં આવેલ. |

મુખ્ય પેજ પર જાઓ

## અગ્રતા ક્રમ : ૧૮

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૬૪૩

## પોરબંદર જિલ્લામાં શૈક્ષણિક સંસ્થાઓને ટોકનદરે/ભાડા થી અપાયેલ સરકારી જમીન.

## માન.ધારાસભ્યશ્રી સંજયભાઇ કોરડીયા (જૂનાગઢ)

| | |
|---|---|
| પ્રશ્ન ૨ | પોરબંદર જિલ્લામાં શૈક્ષણિક સંસ્થા સ્વામીનારાયણ એજયુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશનને ટોકનદર / ભાડાથી આપવામાં આવેલ જમીન ચો.મી. ૪૦,૦૦૦ શરતભંગ થતા જમીનના આકારના ૧૦ પટ દંડ કરવા તથા હુકમ તા.૧૦/૧૧/૨૦૨૦ થી બે વર્ષમાં ઇજનેરી કોલેજ શરૂ કરવા અન્વયે તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ ઇજનેરી કોલેજ શરૂ કરવામાં આવેલ ન હોય, શરતભંગ બદલ અને જમીન પરત લેવા કયારે શા પગલા લીધા ? |
| જવાબ | સવાલવાળી જમીનમાં શરતભંગ થતો હોવાથી કલેક્ટરશ્રીએ તા.૨૫/૦૧/૨૦૨૪ થી શરતભંગ અંગેની ધોરણસરની દરખાસ્ત તૈયાર કરી મોકલી આપવા મામલતદારશ્રી, પોરબંદર (શહેર) ને સૂચના આપતાં સવાલવાળી જમીનની તા.૨૯/૦૧/૨૦૨૪ ના રોજ સ્થળ ખરાઇ કરાવેલ છે. |

મુખ્ય પેજ પર જાઓ

## અગ્રતા ક્રમ : ૧૮

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૬૪૩

## પોરબંદર જિલ્લામાં શૈક્ષણિક સંસ્થાઓને ટોકનદરે/ભાડા થી અપાયેલ સરકારી જમીન.

## માન.ધારાસભ્યશ્રી ભગવાનજીભાઇ કરગટીયા (માંગરોળ)

| | |
|---|---|
| પ્રશ્ન 3 | પંચરોજકામ આધારે શી હકીકત જાહેર થાય છે ? |
| જવાબ | પંચરોજકામની વિગતે હાલ સવાલવાળી જમીન ખુલ્લી અને પડતર આવેલ હોવાનું તથા સવાલવાળી જમીનમાં કોઈ ઈજનેરી કોલેજને લગત બાંધકામ કરી ઉપયોગ શરૂ કરવામાં આવેલ ન હોવાનું જણાઇ આવે છે. |

મુખ્ય પેજ પર જાઓ

અગ્રતા ક્રમ : ૧૮

વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૬૪૩

# પોરબંદર જિલ્લામાં શૈક્ષણિક સંસ્થાઓને ટોકનદરે/ભાડા થી અપાયેલ સરકારી જમીન.

માન.ધારાસભ્યશ્રી ભગવાનજીભાઇ કરગટીયા (માંગરોળ)

| | |
|---|---|
| પ્રશ્ન ૪ | તાના પંચરોજકામ બાદ શી કાર્યવાહી ૨૦૨૪/૦૧/૨૯. કરવામાં આવી? |
| જવાબ | પંચરોજકામ આધારે શરતભંગ અંગેની દરખાસ્ત તૈયાર કરવામાં આવતા તા.૩૧/૦૧/૨૦૨૪ ના રોજ શરતભંગ અંગેનો કેસ દાખલ કરવા કેસ રજીસ્ટરે લેવા કલેકટરશ્રી કક્ષાએ કાર્યવાહી પ્રગતિમાં છે. |

મુખ્ય પેજ પર જાઓ

## અગ્રતા ક્રમ : ૧૮

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૬૪૩

## પોરબંદર જિલ્લામાં શૈક્ષણિક સંસ્થાઓને ટોકનદરે/ભાડા થી અપાયેલ સરકારી જમીન.

| | |
|---|---|
| પ્રશ્ન ૫ | પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ હેઠળ )PPPરાજ્ય સરકાર દ્વારા ( પોલિટેકનિક કોલેજોને જમીન ફાળવવાની શી જોગવાઇ /ઇજનેરી છે? |
| જવાબ | મહેસૂલ વિભાગના તા.૧૨/૧૧/૨૦૧૦ના ઠરાવથી શિક્ષણ વિભાગ દ્વારા શરૂ કરવામાં આવનાર પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ (PPP) હેઠળ ઇજનેરી/પોલિટેકનિક કોલેજોને રૂ.૧/- ના ટોકન દરે 30 વર્ષના ભાડાપટે જમીન સરકારશ્રીની મંજૂરીથી ફાળવવામાં આવે છે. |

મુખ્ય પેજ પર જાઓ